ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૫૮/૧૮–૧૯/ ૯૦૧ તારીખ :

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૫૮/૧૮–૧૯

પ્રતિ,
શ્રી ભીમાભાઈ છગનભાઈ ચૌહાણ,
મુ.વાવડી(રાજગોરની)–૩૬૪ ૦૫૦,
તા.ઘોઘા, જી.ભાવનગર.
**મો.નં. ૯૮૨૫૧ ૫૮૫૧૮.**

**વિષય : નવા ખેતીવાડી વીજ કનેકશન મેળવવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૪/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૮/૧૮–૧૯/૫૮૪૬ તા.૨૯/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૮/૧૮–૧૯/૭૫ તા.૦૫/૦૧/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૦૧/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર–૨ ભાવનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૫૮/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી ભીમાભાઈ છગનભાઈ ચૌહાણ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૯.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી ભીમાભાઈ છગનભાઈ ચૌહાણ – વાદી પોતે

પ્રતિવાદી :– શ્રી ટી. એમ. પંડયા, (કા.વા.)કાર્યપાલક ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ભીમાભાઈ છગનભાઈ ચૌહાણ, મુ.વાવાડી(રાજગોરની), તા.ઘોઘા, જી.ભાવનગરની નવા ખેતીવાડી વીજકનેકશન મેળવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫૮/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૫૮/૧૮–૧૯/૫૮૪૬ તા.૨૯.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી ટી. એમ. પંડયા, (કા.વા.)કાર્યપાલક ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજુઆત મુજબ તેઓએ વાવડી ગામ ખાતે નવા ખેતી વિષયક વીજજોડાણ માટે તા.૧૪/૦૬/૨૦૧૨ ના રોજ અરજી કરેલ છે.

૧.૨ જેનું અંદાજપત્ર મળેલ હતું પરંતુ તેમાં વીજચોરીના પૈસા બાકી હોવાથી તથા અરજદારની તબીયત સારી ન હોવાથી અંદાજપત્ર ભરી શકેલ નથી.

૧.૩ હવે તેઓ દવારા વીજચોરીના બાકી પૈસા ભરી દીધેલ છે તથા નવા ખેતી વિષયક વીજજોડાણ માટે અંદાજપત્ર ભરવા સક્ષમ હોય, આ અંદાજપત્ર ફરી આપવા વિનંતી.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievances Redressal Forum

..૨..

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી ભીમાભાઈ છગનભાઈ ચૌહાણ દવારા તા.૧૪/૦૬/૨૦૧૨ ના રોજ રૂા.૨૦૦/– રસીદ નં.૭૯૭૮૧૦ થી ભરપાઈ કરી, સામાન્ય વારા યોજના હેઠળ નવું ખેતીવાડી વીજજોડાણ લેવા માટે માંગણી કરવામાં આવેલ હતી. જે જી.પી. નં.૮૯૮૭ થી નોંધાયેલ છે.

૨.૨ જેમનો ક્રમાનુસાર વારો આવતાં જરૂરી સર્વે કરી, પત્ર નં.એમએસડી./ટેક/૧૦૧૧૧ તા.૨૮/૧૨/૨૦૧૬ ના રોજ રૂા.૧૪૨૨૧/– નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે ભરપાઈ કરવાની છેલ્લી તારીખ ૨૬/૦૧/૨૦૧૭ હતી જે તેઓશ્રી દવારા નિયત સમયમર્યાદામાં ભરપાઈ કરેલ નથી.

૨.૩ વધુમાં અરજદારશ્રી દવારા તા.૧૬/૧૧/૨૦૧૮ ના રોજ AGNC Theft ના કુલ રૂા.૨૨૫૫૦/– રસીદ નં.૦૧૪૭૧૯ અને ૦૧૪૭૨૦ થી ભરપાઈ કરેલ છે.

૨.૪ ઉપરોક્ત કારણોસર અરજદારશ્રીને માંગણીવાળું વીજજોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ભીમાભાઈ છગનભાઈ ચૌહાણ એ તા.૧૪/૦૬/૨૦૧૨ ના રોજ ગામ–વાવડી, જી.ભાવનગરમાં નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ, જે માટે પ્રતિવાદીએ તા.૨૮/૧૨/૨૦૧૬ ના રોજ અંદાજપત્ર આપેલ, જે ભરવાની સમયમર્યાદા તા.૨૬/૦૧/૨૦૧૭ હતી.

૩.૨ વાદીએ તેઓને આપવામાં આવેલ અંદાજપત્ર સમયમર્યાદામાં ભરપાઈ કરેલ નહી તેમજ સમયમર્યાદા વધારવા માટે પ્રતિવાદીને કોઈ અરજી કરેલ નહી, આથી પ્રતિવાદી દવારા વાદીની અરજી રદ કરવામાં આવેલ.

૩.૩ વાદીએ રજુઆત સાથે તેઓની બીમારી અંગેના કેસ પેપર્સ રજુ કરેલ છે અને ફોરમને જણાવેલ છે કે બીમારીને કારણે તેઓ અંદાજપત્ર ભરી શકેલ નહી.

૩.૪ વાદીએ રજુ કરેલ તેઓની બીમારી અંગેના કેસ પેપર્સ જોતાં તે જુલાઈ–ઓગસ્ટ–૧૮ નાં સમયગાળાનાં છે એટલે કે તાજેતરનાં છે જયારે વાદીને આપવામાં આવેલ અંદાજપત્ર તા.૨૮/૧૨/૨૦૧૬ ના રોજની હતી. આથી વાદીએ કરેલ રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ અને ૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :–૧૯.૦૧.૨૦૧૯